# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: જાગૃતિ વકીલ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૧૯-૦૪-૨૦૨૪ શુક્રવાર સમય : સાંજે 06:25 કલાકે**

---

## લોકસભા ચૂંટણી-નામાંકન પત્ર-રાજ્ય:

રાજ્યની 26 લોકસભા બેઠકો અને વિધાનસભાની ખાલી પડેલી પાંચ બેઠકો માટે આજે બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારીપત્રો ભરી શકાશે. કેન્દ્રિય ગૃહમંત્રી અને ગાંધીનગર મતવિસ્તારના ઉમેદવાર અમિત શાહે ગાંધીનગર લોકસભાની બેઠક પરથી વિજય મુહુર્તમાં ઉમેદવારીપત્ર ભર્યું છે.

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે આજે નવસારી બેઠક પરથી વિજય મુહુર્તમાં ઉમેદવારીપત્ર ભર્યું હતું. તો , નવસારી લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર નૈસધ દેસાઈએ પણ ઉમેદવારીપત્ર ભર્યું છે.

જામનગર લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુનમબેન માડમે, દમણ દીવ લોકસભા બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર કેતનભાઈ પટેલે , ઉમેદવારી પત્ર ભર્યું હતું. પંચમહાલ લોકસભા બેઠક પરતી બહુજન સમાજવાદી પાર્ટીના ઉમેદવાર શૈલેષ ઠાકરે ફોર્મ ભર્યું હતું.

- (RNU અમદાવાદ)

---

## લોકસભા ચૂંટણી-નામાંકન પત્ર-કચ્છ:

લોકસભા ચૂંટણીને અનુલક્ષીને આજે નામાંકનપત્ર ભરવાના અંતિમ દિવસે કચ્છમાં વધુ ૨ ફોર્મ ભરાયા. તેથી કચ્છમાં કુલ ૧૧ ઉમેદવારોએ ૧૬ જેટલા ફોર્મ ભર્યા છે. ઉલ્લેખનીય છે કે, આગામી ૨૦ એપ્રિલે ઉમેદવારી પત્ર ચકાસવાનો અને ૨૨ એપ્રિલે ફોર્મ પરત ખેંચવાનો દિવસ હોવાથી અંતિમ ચિત્ર ૨૨ તારીખ પછી જાહેર થશે.

- (RNU અમદાવાદ)

---

## ગૌણ સેવા પસંદગી મંડળ-પરીક્ષા મોકૂફ:

ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની પ્રથમ તબ્બકાની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા જુનિયર-સીનીયર ક્લાર્ક (વર્ગ-૩)ની તા૨૦ -, ૨૧, ૨૭, ૨૮ એપ્રિલ અને ૦૪, ૦૫ મે ૨૦૨૪ના

રોજ રાખવામાં આવેલ તમામ શિફ્ટની પરીક્ષાઓ વહીવટી કારણોસર હાલ પુરતી મોકૂફ રખાઇ છે.

તારીખ ૮ અને નવમી મે ના રોજનો પરીક્ષા કાર્યક્રમ યથાવત રખાયો છે. મોકૂફ રાખવામાં આવેલી પરીક્ષાઓની નવી તારીખ ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે તેવું ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની એક યાદીમાં જણાવાયું છે.

- (અશરફ નથવાણી)

---

## ચૂંટણી-મતદાન દિવસે રજા:

કચ્છ સહિત રાજ્યમાં તા. 07 મે 2024, મંગળવારના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે, જેથી આ દિવસે કચ્છના કારખાના કે ઔદ્યોગિક એકમોમાં કામ કરતા શ્રમયોગી તેમજ સંસ્થા, કે સાઈટ પર કામ કરતા શ્રમયોગીઓ જે તે વિસ્તારના મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટેન સવેતન રજા આપવાની રહેશે.

જોગવાઇ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ , કર્મચારીઓના પગારમાંથી કોઇ કપાત કરવાની રહેશે નહીં.

જો કોઇ કારખાનેદાર માલિક કે, નોકરીદાતા ઉપરોકત જોગવાઇથી વિરુધ્ધનું વર્તન કરશે તો કાયદા હેઠળ ની શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ ડેપ્યુટી ડાયરેક્ટર , ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, આદિપુર-કચ્છ દ્વારા જણાવાયું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## અંજાર-કેસર કેરીને માર:

અંજાર પંથકમાં પાકતી કેસર કેરીના પાકને ચાલુ વર્ષે પાકમાં ઘટ થવાની સંભાવના છે. ઉનાળાના પ્રારંભે જ થોડા સમય પહેલાં કમોસમી વરસાદે કેરીના પાકને નુકસાન કરતા ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યા હતા. એક તરફ માવઠાનો માર અને બીજીતરફ ગરમીના પ્રકોપના કારણે ઓછું ઉત્પાદન થવાની સંભાવના ખેડૂતો જણાવી રહ્યા છે.

અચાનક ભારે પવન અને વરસાદથી બાગાયતી પાકો દાડમ , કેસર કેરી, ખારેકને ભારે નુકસાન થયું છે.

ખેડૂતોને મોટું નુકસાન વેઠવવું પડશે તેવી સંભાવના છે. આ વર્ષે સરકાર ખેડૂતોને આર્થિક સહાય આપે તેવી ખેડૂતોની માગણી છે.

- (જાગૃતિ વકીલ)

---

## સારંગપુર-હનુમાન મંદિર:

સુપ્રસિદ્ધ સાળંગપુર કષ્ટભંજન હનુમાનજી મંદિર ખાતે  આગામી તારીખ ૨૩ એપ્રિલના હનુમાન જયંતિની ઉજવણીને લઈ મંદિર વિભાગ દ્વારા 21 એપ્રિલ થી 23 એપ્રિલ સુધી અન્નકૂટ, 54 ફૂટની પ્રતિમાએ લાઈટીંગ શો , મહા આરતી, ડાયરો, છડી પૂજન, કેક કટીંગ સહિત અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.  આ અંગે વધુ વિગતો આપતા  સાળંગપુર મંદિરના કોઠારી વિવેકસાગર સ્વામી એ આ મુજબ જણાવ્યું હતું... (બાઈટ - વિવેકસાગર સ્વામી)

- (જાગૃતિ વકીલ)

---

## લુથી બચવાના ઉપાયો:

ગુજરાતમાં આગામી દિવસો દરમ્યાન તાપમાન વધુ રહેવાની શક્યતા વ્યક્ત કરાઇ છે જેને અનુલક્ષીને લોકોને પોતાના આરોગ્ય તથા આસપાસ વસતાં પશુપક્ષીઓને લૂથી બચાવવા તથા પશુપાલકો તેમજ ખેડૂતો પાકના રક્ષણ કરવા માટે કેટલાક ઉપાયો સૂચવાયા છે.

આ બાબતે તંત્ર દ્વારા જણાવાયું કે , ખેડૂતોએ ઉભા પાકને હળવુ તેમજ વારંવાર સિંચન કરવું જોઈએ.

- (RNU અમદાવાદ)

---